NEP-2020
માર્ગદર્શિકા મુજબ

# संस्कृत MASTER

સ્વાધ્યાયપોથી - સ્ટડી મટીરિઅલ - વ્યાકરણ

## ધોરણ - 7 (પ્રથમ સત્ર)



Alankar®
Publication

Alankar.live
Scan & Learn

# પ્રસ્તાવના...

ટિચિંગ-લર્નિંગ કાર્યને સરળ બનાવતું પુસ્તક **MASTER** આપના હાથમાં મૂકતાં આનંદ અનુભવીએ છીએ.

ધોરણ 6 થી 8ના મુખ્ય તમામ વિષયોમાં પાઠ્યપુસ્તકના તમામ એકમોના તમામ મુદ્દાઓને સારી રીતે શીખવા-શીખવવા માટે શિક્ષક-વિદ્યાર્થી પાસે વર્ગકાર્યમાં પર્યાપ્ત સમય હોતો નથી. વર્ગકાર્યનો મોટા ભાગનો સમય વિદ્યાર્થીઓને જવાબ લખાવવામાં જ વેડફાઈ જતો હોય છે. કેટલાક વિદ્યાર્થીઓની લેખન ઝડપ ઓછી હોય તો પર્યાપ્ત સમયમાં જવાબો લખી ન શકવાને કારણે જે-તે મુદ્દાની સમજ મેળવી શકતા નથી. ત્યારે **MASTER** માં એક એકમની શીખવા-શીખવવાની જરૂરી તમામ માહિતી ઉપલબ્ધ છે. **ઓબ્જેક્ટિવ** પ્રકારના પ્રશ્નોના જવાબ પુસ્તકમાં જ લખી શકે તે માટે પર્યાપ્ત જગ્યા આપી છે. **સબ્જેક્ટિવ** પ્રકારના પ્રશ્નો ઉત્તરો સાથે આપ્યા છે. જેથી લેખનનો સમય બચે છે. શિક્ષક દરેક મુદ્દાને વિગતે સમજાવી શકે છે અને વિદ્યાર્થી માટે દરેક પ્રશ્નો જાતે જ સમજવા સરળ બને છે.

**MASTER** માં વિષયને અનુરૂપ **સ્વાધ્યાયપોથી, સ્ટડી મટીરિઅલ, વ્યાકરણ, બધું જ એક જ પુસ્તકમાં** સમાવિષ્ટ હોવાથી અલગ-અલગ પુસ્તકો બનાવવાની જરૂર રહેતી નથી. દફતરનું ભારણ ઘટે છે અને એક જ પુસ્તકમાં બધું જ ઉપલબ્ધ હોવાથી અભ્યાસ સરળ અને પરિણામલક્ષી બને છે.

શિક્ષક-વિદ્યાર્થીએ એકમને અનુરૂપ કરવાની પ્રવૃત્તિઓ અને માર્ગદર્શિકા પણ **MASTER**માં હોવાથી વાર્ષિક શિક્ષણકાર્યનું ભારણ ઘટે છે. દરેક એકમને અંતે હેતુઓ - અધ્યયન નિષ્પત્તિઓ દ્વારા મૂલ્યાંકન પણ થઈ શકે છે. દરેક સત્રમાં લેવાતી પરીક્ષાઓનાં મૂલ્યાંકનલક્ષી પ્રશ્નપત્રો દ્વારા પરીક્ષાલક્ષી જાણકારી સૌને ઉપયોગી રહેશે.

\- પ્રકાશક

# અનુક્રમણિકા


| ક્રમ | એકમ | અભ્યાસક્રમ | પાના નં. |
|---|---|---|---|
| ✻ | भाषासज्ञता | (ભાષાસજ્ઞતા) | 3 |
| ✻ | वन्दना | (નમસ્કાર, પ્રણામ, વંદન) | 8 |
| 1 | चित्रपदानि 1 तः 3 | (ચિત્રો અને શબ્દો-1 થી 3 | 15 |
| 2 | मेघो वर्षति | (વાદળ વરસે છે.) | 22 |
| 3 | कोऽरुक् | (કોણ નીરોગી છે ?) | 29 |
| 4 | हास्ययोगः | (રમૂજી ટુચકા) | 36 |
| 5 | चटक ! चटक ! | (ચકલી હે ચકલી !) | 47 |
| ✻ | પુનરાવર્તન - 1 | | 54 |
| ✻ | પુનરાવર્તનલક્ષી એકમ કસોટી-1 | | 56 |
| 6 | सङ्ख्या | (સંખ્યા) | 58 |
| 7 | विश्वासो नैव कर्तव्यम् | (વિશ્વાસ ન જ કરવો જોઈએ) | 65 |
| 8 | समयः | (સમય) | 74 |
| 9 | आम्लं द्राक्षाफलम्! | (દ્રાક્ષ ખાટી છે !) | 79 |
| ✻ | પુનરાવર્તન - 2 | | 87 |
| ✻ | પુનરાવર્તનલક્ષી એકમ કસોટી-2 | | 89 |
| ✻ | મૂલ્યાંકનલક્ષી આદર્શ પ્રશ્નપત્ર | | 91 |
| ✻ | પરિશિષ્ટ | | 95 |



No part of this publication can be reproduced, stored in a retrieval system or transmitted in any form or by any means-electronic, mechanical, phototyping, recording or otherwise without the prior written permission of the publishers. All right of export of this book is reserved with the publisher. Any person who does any unauthorised act in relation to this publication will be liabel to legal prosecution and civil claimes for damages.

**8. કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો :**

(1) मेघो वर्षति प्रवहति .................................... । **( फलम् नीरम्, दुग्धम् )**

(2) कृषिकः .................................... गच्छति । **( मन्दिरम्, गृहम्, गोष्ठम् )**

(3) कृषिकः .................................... कर्षति । **( क्षेत्रम्, क्षेत्राः क्षेत्रौ )**

(4) रोहति .................................... फलति प्रकामम् । **( फलम्, सस्यम्, आम्रम् )**

(5) मनुकुल .................................... भवति । **( वृद्धि, समृद्धि, वृद्धिः च समृद्धिः )**

**9. બંધબેસતાં જોડકાં ગોઠવો :**

| ( अ ) | ( ब ) |
|---|---|
| (1) मेघो वर्षति | (A) मनुकुलवृद्धिः |
| (2) नयति च वृषभं | (B) वपति च बीजम् |
| (3) भवति समृद्धिः | (C) हलमपि वहति |
| | (D) प्रवहति नीरम् |

**( उत्तरम् )**

(1) - ____________

(2) - ____________

(3) - ____________

**10. નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર ગુજરાતીમાં લખો :**

(1) વરસાદ વરસવાથી કોને સંતોષ થાય છે ?

**ઉત્તર : વરસાદ વરસવાથી ખેડૂતને સંતોષ થાય છે.**

(2) વરસાદ આવતાં ખેડૂત ક્યાં જાય છે ?

**ઉત્તર : વરસાદ આવતાં ખેડૂત પશુઓના વાડામાં જાય છે.**

(3) ખેતર ખેડવા માટે ખેડૂત શું લઈ જાય છે ?

**ઉત્તર : ખેતર ખેડવા માટે ખેડૂત બળદ અને હળ લઈ જાય છે.**

(4) ખેડૂત ખેતરમાં શું વાવે છે ?

**ઉત્તર : ખેડૂત ખેતરમાં (અનાજના) બીજ વાવે છે.**

(5) મનુષ્યકુળની વૃદ્ધિ અને સમૃદ્ધિ ક્યારે થાય છે ?

**ઉત્તર : ખેતરમાં અનાજ ઊગે છે અને તે પુષ્કળ પ્રમાણમાં ફળે છે ત્યારે મનુષ્યકુળની વૃદ્ધિ અને સમૃદ્ધિ થાય છે.**

(6) વાદળ વરસે છે ત્યારે શું થાય છે ?

**ઉત્તર : વાદળ વરસે છે ત્યારે પાણી વહેવા લાગે છે.**

(7) ખેડૂત કેવા ભાવ સાથે પશુઓના વાડામાં જાય છે ?

**ઉત્તર : ખેડૂત પ્રસન્નતાના ભાવ (લાગણી) સાથે પશુઓના વાડામાં જાય છે.**

(8) વાડામાંથી શું-શું લઈને ખેડૂત ખેતરમાં જાય છે ?

**ઉત્તર : વાડામાંથી બળદ અને હળને લઈને ખેડૂત ખેતરમાં જાય છે.**

(9) ખેતરમાં જઈને ખેડૂત શું કરે છે ?

**ઉત્તર : ખેતરમાં જઈને ખેડૂત ખેતર ખેડે છે અને બીજ વાવે છે.**

(10) ખેડૂત કોની મદદથી ખેતર ખેડે છે ? અને બીજ વાવે છે ?

**ઉત્તર : ખેડૂત બળદની અને હળની મદદથી ખેતર ખેડે છે અને બીજ વાવે છે.**

(11) ખેતર ખેડાઈ ગયા પછી શું થાય છે ?

**ઉત્તર : ખેતર ખેડાઈ ગયા પછી ખેતરમાં અનાજ ઊગે છે અને તે પુષ્કળ ફળે છે.**

**11. નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર સંસ્કૃતમાં લખો :**

(1) प्रसन्नः कृषकः कदा गोष्ठं गच्छति ?

**उत्तरम् - यदा मेघः वर्षति तदा प्रसन्नः कृषकः गोष्ठं गच्छति।**

(2) कृषकः बीजं कुत्र वपति ?

**उत्तरम् - कृषकः क्षेत्रे बीजं वपति।**

(3) नीरं कदा प्रवहति ?

**उत्तरम् - मेघः वर्षति तदा नीरं प्रवहति।**

(4) कृषिकः कदा तुष्यति ?

**उत्तरम् - मेघः वर्षति, नीरं प्रवहति तदा कृषिकः तुष्यति।**

(5) कृषकः वृषभं च हलं कुत्र नयति ?

उत्तरम् - कृषकः वृषभं च हलं क्षेत्रे नयति।

(6) मनुकुलवृद्धिः कदा भवति ?

उत्तरम् - यदा क्षेत्रे सस्यं रोहति, फलति प्रकामम् तदा मनुकुलवृद्धिः भवति।

(7) कृषिकः कदा प्रसन्नः भवति ?

उत्तरम् - मेघः वर्षति तदा कृषिकः प्रसन्नः भवति।

(8) प्रसन्नः कृषिकः कुत्र गच्छति ?

उत्तरम् - प्रसन्नः कृषिकः गोष्ठं गच्छति।

(9) कृषिकः क्षेत्रं किं किं नयति ?

उत्तरम् - कृषिकः क्षेत्रं वृषभं, हलं च नयति।

(10) कृषिकः कदा बीजं वपति ?

उत्तरम् - यदा कृषिकः क्षेत्रं कर्षति तदा सः बीजं वपति।

(11) कृषीवलः क्षेत्रं केन कर्षति ?

उत्तरम् - कृषीवलः हलेन क्षेत्रं कर्षति।

(12) क्षेत्रे किं रोहति ? किं च प्रकामं फलति ?

उत्तरम् - क्षेत्रे सस्यं रोहति। प्रकामं च फलति।

(13) कृषकः बीजं कुत्र वपति ?

उत्तरम् - कृषिकः बीजं क्षेत्रे वपति?

(14) एतस्य काव्यस्य कवेः नाम किम् अस्ति ?

उत्तरम् - एतस्य काव्यस्य कवेः नाम महाबलेश्वर भट्टः अस्ति।

## 12. નીચેનાં ગુજરાતી વાક્યોનું સંસ્કૃત કરો :

(1) જ્યારે વાદળ વરસે છે ત્યારે પાણી વહે છે.

➡ ..............................

(2) સંતુષ્ટ થયેલો ખેડૂત પશુઓના વાડામાં જાય છે.

➡ ..............................

(3) અનાજ પુષ્કળ ઊગે છે અને ફળે છે.

➡ ..............................

(4) ખેડૂત ખેતર ખેડે છે.

➡ ..............................

(5) ખેડૂત ખેતરમાં બીજ વાવે છે.

➡ ..............................

(6) મનુષ્યકુળની વૃદ્ધિ અને સમૃદ્ધિ થાય છે.

➡ ..............................

## 13. નીચેના શબ્દોમાંથી પુંલ્લિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ શબ્દો અલગ કરીને લખો :

( मेघः, नीरम्, क्षेत्रम्, कृषिकः, समृद्धिः, गोष्ठम्, वृषभः, वृद्धिः, सस्यम्, हलम्, मनुकुलः )

| પુંલ્લિંગ | સ્ત્રીલિંગ | નપુંસકલિંગ |
|---|---|---|
| मेघः, कृषिकः, | समृद्धिः, वृद्धिः, | नीरम्, क्षेत्रम्, गोष्ठम्, |
| वृषभः, मनुकुलः | | सस्यम्, हलम्, |

## 14. નીચે આપેલ કાવ્યપંક્તિનો ગુજરાતીમાં અનુવાદ કરો :

(1) मेघो वर्षति प्रवहति नीरम्।
तुष्यति कृषिकः गच्छति गोष्ठम्।।

**અનુવાદ :** વાદળ વરસે છે, પાણી વહે છે. ખેડૂત પ્રસન્ન થાય છે, (અને તે) પશુઓના વાડામાં જાય છે.

(2) नयति च वृषभं हलमपि वहति।
कर्षति क्षेत्रं वपति च बीजम्।।

**અનુવાદ :** (તે ખેડૂત વાડામાંથી) બળદને લઈ જાય છે અને હળને પણ લઈ જાય છે. (તે) ખેતર ખેડે છે અને બીજ વાવે છે.

(3) रोहति सस्यं फलति प्रकामम्।
भवति समृद्धिः मनुकुलवृद्धिः।।

**અનુવાદ :** (તે ખેતરમાં) અનાજ ઊગે છે, અને ઇચ્છા પ્રમાણે ફળ ઉત્પન્ન થાય છે. મનુષ્યકુળની વૃદ્ધિ અને સમૃદ્ધિ થાય છે.

| ક્રમ | હેતુઓ | ✓ | ? | ✗ |
|---|---|---|---|---|
| 1 | ગીતનું લયબદ્ધ પઠન અને ગાન કરે છે. | | | |
| 2 | સાદા પદોનું અનુલેખન કરે છે. | | | |

**તારીખ :** **શિક્ષકની સહી :**

**પ્રવૃત્તિઓ :** ➧ લાઈબ્રેરીમાંથી સંસ્કૃત વર્ષાગીતો મેળવીને પ્રાર્થનાસભામાં સામૂહિક રૂપે રજૂ કરવા.
➧ .'मेघो वर्षति' કાવ્યનું લયબદ્ધ રીતે પઠન અને ગાન કરવું. ➧ વર્ષાઋતુના પોતાના અનુભવ વિશે સંસ્કૃતમાં પાંચ વાક્ય લખવા અને વર્ગખંડમાં બોલવા. ➧ કાવ્યમાં આવતાં શબ્દોને ચાર્ટ પેપર પર ચિત્ર દોરી કે ફોટો લગાડી જેમ કે ખેડૂત, હળ, બળદ વગેરે... શક્ય હોય તો સંપૂર્ણ કાવ્યને ચિત્રમાં વ્યક્ત કરવું. વરસતાં વાદળ, ખેડૂતની પ્રસન્નતા, ખેતરમાં ઊભો પાક, ઇત્યાદિ અને તે ચિત્રની બાજુમાં આ ગીત સુંદર અક્ષરે લખવું અને બુલેટિન બોર્ડ પર મૂકવું.
➧ આ કાવ્યની વર્ગખંડમાં શ્રુતલેખન સ્પર્ધા યોજવી.

‘સ્માર્ટ શિક્ષણ પદ્ધતિ’

# અલંકાર MASTER

## રેફરન્સ કોર્સ બુક સિરીઝ (ધોરણ 5 થી 8)

NEP-2020 માર્ગદર્શિકા મુજબ




### વિશેષતાઓ

- વર્ગ શિક્ષણકાર્ય દરમિયાન **Teaching Time** નો મહત્તમ ઉપયોગ થઈ શકે.
- વિદ્યાર્થીને જાતે સમજવા અને તૈયારી કરવા માટે **વિસ્તૃત સમજ સાથે સહાયક.**
- ઓબ્જેક્ટીવ પ્રકારના પ્રશ્નો-જવાબો લખવા માટે **પર્યાપ્ત અવકાશ.**
- સ્વાધ્યાયપોથી, સ્ટડી મટીરિઅલ, નિબંધ લેખન, પ્રયોગપોથી, નકશાપૂર્તિ, વ્યાકરણ. બધું જ એક જ પુસ્તકમાં સમાવિષ્ટ હોવાથી દફતરનું ભારણ ઘટે છે, **‘ભાર વિનાનું ભણતર’.**
- • સરળ અને **પરિણામલક્ષી અભ્યાસ**નો પર્યાય પૂરું પાડતી પુસ્તક સિરીઝ.
  • Alankar.live કનેક્ટેડ.
- એકમને **અનુરૂપ શૈક્ષણિક પ્રવૃત્તિઓ** અંગેની માર્ગદર્શિકા તથા દરેક એકમની **અધ્યયન નિષ્પત્તિઓ.**

Alankar® Publication